ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

ડેન્ગ્યુએ માથુ ઉંચકતા મનપાનુ આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું

બે બાંધકામ સાઇટ પર સ્થળ મુલાકાત દરમિયાન મચ્છરોના પોરા મળી આવતા ૨૫ હજારના દંડ : સરગાસણ અને સે-૬ માં કોર્પોરેશનના આરોગ્ય તંત્રની સ્પેશ્યિલ ડ્રાઇવ : મ્યુનિ કમિશ્નર પણ તપાસમાં જોડાયા અન્ય સાઇટ સહીત સે-૬ અપનાબજારની દુકાનો , પેટ્રોલપંપ અને લાઇબ્રેરીના સંચાલકને પણ નોટીસ : પોરાનાશક કામગીરી નહીં કરવામાં આવે તો સાઇટ સીલ કરવા સુધીના કડક પગલા લેવાશે

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરમાં વરસાદી સિઝનની જમાવટ બાદ સેકટરોમાં

મચ્છર ઉત્તાપ્તિ સ્થાનો વધતા મચ્છરજન્ય રોગચાળાએ માથુ ઉચક્યુ છે. જેના લીધે તંત્ર દોડતુ થયુ છે. સેકટરોના રહેણાંક વિસ્તારમાં પણ મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. આમ જોવા જઈએ તો રાજયના વિવિધ મોટા શહેરમાં ડેન્ગ્યુના કેસ વધી રહ્યા છે. ત્યારે ગાંધીનગરમાં પણ ડેન્ગ્યુના વધતા કેસથી આરોગ્ય તંત્રની ઉંઘ હરામ થઈ ગઈ છે. શહેરના રહેણાંક વિસ્તારો ઉપરાંત કોર્મશિયલ એકમોમાં ડેન્ગ્યુના મચ્છરોના બ્રિડીંગ મળી આવતા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જેને ધ્યાનમાં રાખી પબ્લિક હેલ્થ બાયલોઝને અનુલક્ષી રોગચાળાનુ વહન કરતા એકમો સામે કોર્પોરેશનના આરોગ્ય તંત્રએ લાલ આંખ કરીને દંડનીય કાર્યવાહી હાથ ધરવાનુ શરૂ કર્યુ છે. ડેન્ગ્યુને ઉગતો ડામવા માટે ઘરે ઘરે સર્વેલન્સ કરવાની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. જયારે રોગચાળાને અનુલક્ષી કોર્પોરેશનના તંત્રએ સઘન ચેકીંગ હાથ ધરવાનુ શરૂ કર્યુ છે. જે અન્વયે આજે કોર્પોરેશનની ટીમ સાથે મ્યુનિ કમિશ્નરે પણ સરગાસણ અને સે-૬ સહીતના વિસ્તારમાં બાંધકામ સાઈટ પર ચેકીંગ કર્યુ હતુ. આ દરમિયાન બાંધકામ સાઈટ પર મચ્છરોના પોરા જોવા મળ્યા હતા. જેના લીધે ચોંકી ઉઠેલા તંત્રના અધિકારીઓ સાઈટના સંચાલકો સામે દંડનીય કાર્યવાહી હાથ ધરી હતી. આ દરમિયાન સરગાસણની શિવાંશ સરીતા તેમજ હડમતિયાની ક્રિખાને કોર્પોરેશન સાઈટને રૂ ૨૫ હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો. જયારે અન્ય એક સહજાનંદ બાંધકામ સાઈટ પરથી પણ મચ્છરોના પોરા મળી આવતા દવા છંટકાવ સહીત પોરાનાશક

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર લોકસભાના લોકપ્રિય સાંસદ અને કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના ગાંધીનગરના આજના કાર્યક્રમો

ગાંધીનગર, તા. ૧૨

કેન્દ્ર સરકારના ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ તા. ૧૩ ઓગષ્ટના રોજ ગાંધીનગર જિલ્લાની મુલાકાતે આવી રહ્યા છે. તેમના દ્વારા વિવિધ લોકહિતના કાર્યોનું ખાતમુહૂર્ત તેમજ લોકાર્પણ યોજવામાં આવનાર છે. તેમનો વિગતવાર કાર્યક્રમ નીચે અનુસાર રહેશે.

ક્રમ	કાર્યક્રમની વિગત	કાર્યક્રમનું સ્થળ	કાર્યક્રમનો સમય
૧	CREDAI-GAIHAD દ્વારા આયોજીત વૃક્ષારોપણ	કલહાર એક્ઝોટિકા સાયન્સસીટી રોડ સોલા, અમદાવાદ	સવારે ૯.૪૦ કલાકે
૨	માણસા-બાલવા ફોરલેનનું ખાતમુહૂર્ત	એપીએમસી માર્કેટ પાસે માણસા	સવારે ૧૦.૩૦ કલાકે
૩	માણસા સબરજિસ્ટ્રાર કચેરીનું લોકાર્પણ	સબરજિસ્ટ્રાર કચેરી માણસા	સવારે ૧૦.૪૦ કલાકે
૪	ચંદ્રાસર ગામ તળાવની સૌજન્ય મુલાકાત	ચંદ્રાસર તાલુકા માણસા	સવારે ૧૦.૫૦ કલાકે
૫	માણસા ખાતે બહુચરમાતાના દર્શન-પૂજા	બહુચરમાતા મંદિર માણસા	સવારે ૧૦.૫૫ કલાકે
૬	N.S.G.ના નવા ભવનનું ખાતમુહૂર્ત ઉપરાંત રાજ્ય સરકારના વિવિધ કાર્યક્રમોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત	નગરપાલિકા સાંસ્કૃતિક હોલ, માણસા	સવારે ૧૧.૧૦ કલાકે
૭	રાંધેજા-બાલવા ફોર લેન રોડનું ખાતમુહૂર્ત	રાંધેજા	બપોરે ૧.૩૦ કલાકે
૮	શેઠ શ્રી એન.એન. સાર્વજનિક હોસ્પિટલના આધુનિકરણ કાર્યનું ખાતમુહૂર્ત	રાંધેજા	બપોરે ૧.૪૫ કલાકે
૯	CREDAI-G.A.I.H.A.D. દ્વારા ગાંધીનગર લોકસભાની ૧૫૦ આંગણવાડીઓમાં C.S.R. ફંડમાંથી રમતગમતના સાધનોનું લોકાર્પણ સરઢવ ખાતે નવનિર્મિત હોસ્પિટલનું લોકાર્પણ તથા ગુડા દ્વારા નિર્મિત વિવિધ પ્રકલ્પોનું ઉદ્ઘાટન તેમજ શિલારોપણ	સરઢવ, જિ. ગાંધીનગર	બપોરે ૨.૦૦ કલાકે

ગાંધીનગરના લોકપ્રિય સાંસદ અને કેન્દ્રના ગૃહ અને સહકારમંત્રીના સૂચિત કાર્યક્રમો અંગે જિલ્લાના કાર્યકરોમાં અપરિમિત ઉત્સાહ પ્રવર્તે છે અને દરેક કાર્યક્રમ સફળ બનાવવા માટે સંગઠ્ઠન તેમજ કાર્યકરો દ્વારા સુંદર આયોજન ગોઠવાયુ રહ્યુ છે.

સે-૧૫ માં આઇ.ટી.આઇ ના નવા બિલ્ડીંગ માટે દોઢ વર્ષથી વર્ક ઓર્ડર..પણ હજુ ઈંટ પણ મુકાઇ નથી !!

આઇ ટી આઇના ૫૦ વર્ષ જુના બિલ્ડીંગના સ્થાને નવુ બાંધવાની યોજના છેલ્લા ૨ વર્ષથી કાગળ પર : વૈકલ્પિક વ્યવસ્થા માટે શેડ બનાવાનુ આયોજન પણ આખરી થતુ નથી : પ્રોજેકટ આગળ વધતો જ નથી

ગાંધીનગર તા ૧૨

પાંચ દાયકા જુના આઇ ટી આઇ બિલ્ડીંગને અનુલક્ષી નવુ બાંધકામ કરવાની યોજના છેલ્લા બે વર્ષથી અધ્ધરતાલ છે. અઢી વર્ષ અગાઉ આ કાર્યયોજનાને અનુલક્ષી વહીવટી મંજુરી આપવામાં આવી હતી જયારે દોઢ વર્ષથી વર્ક ઓર્ડર આપી દેવાયા બાદ મુદત પુર્ણ થવામાં છે ત્યાં સુધીમાં સ્થળ પર એક ઈંટ પણ મુકી શકાઇ નથી. નવા બિલ્ડીંગને અનુલક્ષી વર્કશોપ, એડમીન ઓફિસ, કલાસરૂમ, સહીત કમ્પાઉન્ડ વોલ સહીતની કામગીરી કરવામાં આવનાર છે ત્યારે હાલની સ્થિતિ પ્રમાણે કામગીરી માટે વૈકલ્પિક વ્યવસ્થા માટે શેડ બનાવાના નિર્ણય સંદર્ભે પણ હજુ મંજુરી ન અપાતા આખો પ્રોજેકટ ઠપ્પ થઇ ગયો છે.

ગાંધીનગરમાં સે-૧૫ ખાતે આઇ ટી આઇનુ પાંચ દાયકા જુનુ બિલ્ડીંગ તોડીને નવુ નિર્માણ કરવાની યોજના લાંબા સમયથી

● અનુસંધાન પાન-૭ પર

ઉમિયા ઈલેક્ટ્રીકલ્સ
ફેન્સી લાઈટીંગ શો-રૂમ
એકવાર જરૂર પધારો ઉમિયા શો-રૂમ નિહાળો...
UMIYA ELECTRICALS
ફેન્સી લાઈટ્સ તેમજ આકર્ષક હોમ ડેકોર લાઈટ કલેકશનની વિશાળ શ્રેણીનો ભવ્ય શો-રૂમ...
ફેન્સી લાઈટ્સની દુનિયામાં જળહળતું નામ એટલે ઉમિયા ઈલેક્ટ્રીકલ્સ...
નોધઃ અમારી જુની શાખા પ્લોટ નં. ૮૪૫, વિશ્વકર્મા શોપીંગ, સેકટર-૨૧, ગાંધીનગરમાં આવેલ છે.
ઉમિયા ઈલેક્ટ્રીકલ્સ
ફેન્સી લાઈટીંગ શો-રૂમ
કનુ પટેલ - ૮૫ ૧૧૧૧ ૮૮૮૮
બી-૧, ઉમિયા કોમ્પલેક્ષ, સ્વામીનારાયણ ધામની બાજુંમાં, ગાંધીનગર - કોબા રોડ, કુડાસણ, ગાંધીનગર.

હવેથી વધુ આપની નજીક કુડાસણ ખાતે
શ્રી મહાકાલી સ્વીટ્સ
પેંડા, બરફી, મોહનથાળ, ચોકલેટ બરફી, મગસ, કાજુકતરી, રસગુલ્લા, ગુલાબજાંબુ, કેસર બરફી વગેરે સ્વાદિષ્ટ સ્વીટ મળશે.
તેમજ ગાંઠિયા, સેવ, ચવાણું, સીંગભજીયા, ચણાચોર, મગદાલ વગેરે નમકીન મળશે.
સમોસા, ખમણ, કચોરી, વણેલા ગાંઠિયા, પાતરા ચાઈનીઝ સમોસા, નવતાડ સમોસા, સેવખમણી વગેરે મળશે.
શ્રી મહાકાલી કેટરર્સ
ગુજરાતી પંજાબી ચાઈનીઝ કાઠિયાવાડી
વેડીંગ, બેન્કવેટ, બુફેટ, કોર્પોરેટ, બેબી શોવર જેવા
દરેક શુભપ્રસંગે ઓર્ડર લેવામાં આવશે.
Yogeshbhai Dave +91 80001 62577
Jitubhai Dave +91 98259 18253
A-1,2,3, Umiya Complex, Nr. Swaminarayan Dham, Kudasan, Gandhinagar
Write us : shreemahakalicaterers@gmail.com

ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ

કોર્પોરેટ ઓળખ નંબરઃ L40200GJ1998SGC035188

રજિસ્ટર્ડ ઓફિસ : જીએસપીસી ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦ **ટેલિ.:** +૯૧-૭૯-૬૬૭૦૧૦૦૧/૨૩૨૬૮૫૦૦ **ફેક્સઃ** +૯૧-૭૯-૨૩૨૬૮૫૦૬, **વેબસાઇટઃ** www.gspcgroup.com **ઇમેઇલઃ** investors.gspl@gspc.in

વિડીઓ કોન્ફરન્સીગ (વીસી) / અન્ય ઓડીયો વિઝ્યુઅલ માધ્યમો (ઓએવીએમ) દ્વારા યોજાનાર ૨૫મી(પચીસમી) વાર્ષિક સાધારણ સભા, ઇ-મેઇલ આઇડી/મોબાઇલ નં./બેન્ક મેન્ડેટ અપડેટ કરવા અને ડિવીડન્ડની આવક પર ટીડીએસ અંગે અને ઇ-વોટિંગ અંગેની માહિતીની નોટિસ

૧. વીસી/ઓએવીએમ દ્વારા કંપનીની ૨૫મી વાર્ષિક સાધારણ સભા :

આથી નોટિસ આપવામાં આવે છે કે ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ ("કંપની")ના શેરધારકોની ૨૫મી (પચીસમી) વાર્ષિક સાધારણ સભા ("એજીએમ") ગુરૂવાર, તા.૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ બપોરનાં ૩:૦૦ વાગ્યે કંપની કાયદો ૨૦૧૩માં લાગુ પડતી જોગવાઈઓ અને સેબી (લીસ્ટીંગ અને જવાબદારીઓ અને ઘટસ્ફોટ જરૂરીયાત) નિયમ ૨૦૧૫ અને કોર્પોરેટ બાબતોનાં મંત્રલાય દ્વારા જારી કરાયેલ ("એમસીએ પરિપત્રો") સામાન્ય પરિપત્ર નં. ૧૪/૨૦૨૦ તા.૮મી એપ્રિલ ૨૦૨૦, સામાન્ય પરિપત્ર નં.૧૭/૨૦૨૦ તા.૧૩મી એપ્રિલ ૨૦૨૦, સામાન્ય પરિપત્ર નં. ૨૦/૨૦૨૦ તા.૫મી મે,૨૦૨૦, સામાન્ય પરિપત્ર નં.૦૨/૨૦૨૧ તા.૧૩મી જાન્યુઆરી,૨૦૨૧, સામાન્ય પરિપત્ર નં.૦૨/૨૦૨૨ તા.૦૫મી મે,૨૦૨૨ અને સામાન્ય પરિપત્ર નં.૧૦/૨૦૨૨ તા.૨૮મી ડિસેમ્બર,૨૦૨૨ અને સિક્યુરીટીઝ એન્ડ એક્ષચેન્જ બોર્ડ ઓફ ઈન્ડીયા દ્વારા જારી કરાયેલ સેબીનાં પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 તારીખ ૧૨મી મે, ૨૦૨૦, SEBI/HO/CFD/CMD2/CIR/P/2021/11 તારીખ ૧૫મી જાન્યુઆરી ૨૦૨૧, SEBI Circular No. SEBI/HO/CFD/CMD2/CIR/P/2022/62 તારીખ ૧૩મી મે, ૨૦૨૨ અને SEBI Circular No. SEBI/HO/CFD/PoD-2/P/CIR/2023/4 તારીખ ૫મી જાન્યુઆરી ૨૦૨૩ (સેબી પરિપત્રો)ની જોગવાઈનું પાલન કરીને એજીએમની નોટિસમાં નક્કી કર્યા મુજબ કામકાજની કાર્યવાહી કરવા માટે વીડીયો કોન્ફરન્સીંગ ("વીસી") / અન્ય ઓડીયો વીઝ્યુઅલ માધ્યમો ("ઓએવીએમ") મારફત યોજવામાં આવશે.

સભ્યશ્રીઓ માત્ર વીસી / ઓએવીએમ દ્વારા જ મીટીંગમાં ભાગ લઈ શકશે. ૨૫મી એજીએમ માં જોડાવાની સુચનાઓ અને રીમોટ ઈલેક્ટ્રોનીક વોટીંગ અથવા ૨૫મી એજીએમ વખતે ઈ-વોટીંગ પધ્ધત્તિ દ્વારા મત આપવાની પ્રક્રિયા ૨૫મી એજીએમની નોટિસમાં પુરી પાડવામાં આવશે. વીસી / ઓએવીએમ દ્વારા એજીએમ માં ભાગ લેનાર સભ્યોની ગણતરી કંપની કાયદો ૨૦૧૩ની કલમ ૧૦૩ હેઠળ કોરમની ગણતરીના હેતુ માટે કરવામાં આવશે.

૨. એજીએમની નોટિસ અને નાણાંકિય વર્ષ ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ માત્ર ઇલેક્ટ્રોનીક પધ્ધત્તિ મારફત ડીસ્પેચ કરવા બાબત.

એમસીએ પરિપત્રો અને સેબીના પરિપત્રો અનુસાર જે શેરધારકોનાં ઈ-મેઈલ એડ્રેસ કંપનીના આરએન્ડટીએ / ડીપોઝીટરી પાર્ટિસિપન્ટ પાસે નોંધાયેલા છે, તેઓને ૨૫મી વાર્ષિક સાધારણ સભાની નોટિસ અને નાણાંકિય વર્ષ ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ તેમજ ૩૧મી માર્ચ, ૨૦૨૩ નાં રોજ પુરા થતાં નાણાંકિય વર્ષ અંતેના નાણાંકિય પત્રકો (ફાયનાન્શીયલ સ્ટેટમેન્ટ્સ) ઈ-મેલ દ્વારા મોકલાશે. ૨૫મી એજીએમની નોટીસ અને વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ www.gspcgroup.com ઉપર તેમજ કંપનીનાં શેર લીસ્ટેડ છે તે સ્ટોક એક્ષચેન્જની વેબસાઈટ એટલે કે બી.એસ.ઈ. લિમીટેડ (www.bseindia.com) ઉપર અને નેશનલ સ્ટોક એક્ષચેન્જ ઓફ ઈન્ડીયા લિમીટેડ (www.nseindia.com) ઉપર અનુક્રમે ઉપલબ્ધ છે. તદ્ઉપરાંત સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીસ (ઈન્ડીયા) લિમીટેડ (સી.ડી.એસ.એલ.) ની વેબસાઈટ (www.evotingindia.com) ઉપર પણ ઉપલબ્ધ છે.

૩. ઈ-મેઈલ આઇડી / મોબાઇલ નંબર અને ઇલેક્ટ્રનિક બેન્ક મેન્ડેટ્સ / નોધાવવાની / અપડેટ કરાવવાની રીત :

ઈ-મેઈલ આઇડી / મોબાઇલ નંબર નોંધવવાની / અપડેટ કરાવવાની રીત :

- **ફીઝીકલ મોડમાં શેર્સ ધરાવનાર શેરધારકો માટે :** ફીઝીકલ મોડમાં શેર્સ ધરાવનાર સભ્યશ્રીઓ કે જેઓએ તેમનાં ઈ-મેઈલ આઈડી / મોબાઈલ નંબર કંપની પાસે નોંધાવેલ નથી તેઓ KFin Technologies Limited ("KFintech") ને ફોર્મ ISR–1 મોકલીને અથવા આ ફોર્મ ઈ-સાઈન કરીને તેને einward.ris@kfintech.com પર ઈ-મેઈલથી મોકલીને નોંધાવી શકે છે. ઉપરોક્ત ફોર્મ ISR–1 કંપનીની વેબસાઈટ www.gspcgroup.com ઉપરથી મેળવી શકાશે.
- **ડિમેટ મોડમાં શેર્સ ધરાવનાર શેરધારકો માટે :** ડિમેટ મોડમાં શેર્સ ધરાવનાર સભ્યશ્રીઓએ પત્રવ્યવહાર મેળવવા માટે તેમનાં ડીપોઝીટરી પાર્ટીસીપન્ટ પાસે તેઓનાં ઈ-મેઈલ એડ્રેસ અને લોગિન ઓળખપત્ર મેળવવા માટે મોબાઈલ નંબર અપડેટ કરાવવા વિનંતી.

બેન્ક મેન્ડેટ નોધાવવાની / અપડેટ કરાવવાની રીત :

- **ફીઝીકલ મોડમાં શેર્સ ધરાવનાર શેરધારકો માટે :** ફીઝીકલ મોડમાં શેર્સ ધરાવનાર સભ્યશ્રીઓ કે જેઓએ ઈલેક્ટ્રોનિક ક્લીયરીંગ સર્વીસ અથવા અન્ય કોઈ માધ્યમ ("ઈલેક્ટ્રોનિક બેન્ક મેન્ડેટ") દ્વારા તેમનાં બેન્ક ખાતામાં ડિવીડન્ડ મેળવવા માટે બેન્ક મેન્ડેટ અપડેટ કરાવેલ નથી, તેઓ સીધા જ તેમનાં બેન્ક ખાતામાં ઈલેક્ટ્રોનીકલી ડિવીડન્ડ મેળવવા માટે તેમની વિગતો જેવી કે બેન્ક અને તેની શાખાનું નામ, બેન્ક ખાતા નંબર, IFSC કોડ KFin Technologies Limited ("KFintech") ને ફોર્મ ISR–1 માં મોકલીને અથવા આ ફોર્મ ઈ-સાઈન કરીને તેને einward.ris@kfintech.com. પર ઈ-મેઈલથી મોકલીને નોંધાવી શકે છે. ઉપરોક્ત ફોર્મ ISR–1 કંપનીની વેબસાઈટ www.gspcgroup.com ઉપરથી મેળવી શકાશે.
- **ડીમેટ મોડમાં શેર્સ ધરાવતા શેરધારકો માટે :** ડીમેટ ફોર્મમાં શેર ધરાવતા સભ્યોએ તેમનાં ડીપોઝીટરી પાર્ટીસીપન્ટ પાસે તેમની ઈલેક્ટ્રોનિક બેંક મેન્ટેડ અપડેટ કરાવી લેવા વિનંતી

૪. એજીએમ સમક્ષ મુકવામાં આવેલા ઠરાવો પર મતદાન કરવાની રીત :

કંપની તેનાં સભ્યોને એજીએમમાં પ્રસ્તાવમા મુકાયેલ ઠરાવો પસાર કરવા માટે તેમનો મતાધિકારનો ઉપયોગ કરવા માટે ઈલેક્ટ્રોનિક માધ્યમ (ઈ-વોટીંગ)ની સવલત આપેલ છે. આ ઉપરાંત એજીએમ વખતે પણ ઈલેક્ટ્રોનીક માધ્યમ દ્વારા (ઈ-વોટીંગ) કરવાની સવલત પ્રાપ્ત થશે. મીટીંગમાં ભાગ લેતાં સભ્યો કે જેઓએ તેમનો મત રીમોટ ઈ-વોટીંગથી આપેલ નથી તેઓ તેમનો મત એજીએમ વખતે આપી શકશે. જે સભ્યો ડિમટીરલાઈઝ્ડ મોડ, ફિઝીકલ મોડ માં શેર ધરાવતા હોય અને જે સભ્યોએ તેમનું ઈ-મેઈલ સરનામુ નોંધાવ્યું નથી તેઓને રિમોટ ઈ-વોટીંગ / ઈ-વોટીંગ મારફત મત આપવા માટેની વિગતવાર પ્રક્રિયા એજીએમ ની નોટિસમાં આપવામાં આવેલ છે. આ ઉપરાંત કંપનીની વેબસાઈટ www.gspcgroup.com અને સેન્ટ્રલ ડીપોઝીટરી સિક્યુરીટીઝ લિમીટેડ (સીડીએસએલ) ની વેબસાઈટ પર www.evotingindia.com પણ ઉપલબ્ધ છે.

૫. ડીવીડન્ડની રેકોર્ડ તારીખ, એજીએમ વખતે જો ડીવીડન્ડ જાહેર કરવામાં આવે તો ડીવીડન્ડ ચુકવણીની રીત અને ડિવીડન્ડની આવક પર કર :

ડીવીડન્ડ અને ડીવીડન્ડની રેકોર્ડ તારીખ

આથી શેરધારકોએ નોંધ લેવી કે તા.૧૧મી મે, ૨૦૨૩ના રોજ યોજાયેલ બોર્ડ ઓફ ડીરેક્ટર્સની મીટીંગમાં, બોર્ડ ઓફ ડીરેક્ટર્સે ૩૧મી માર્ચ ૨૦૨૩ના રોજ પુરા થતા નાણાંકિય વર્ષ માટે રૂા.૧૦/-નાં એક એવા પ્રતિ શેર દીઠ રૂા. ૫.૦૦ (એટલે કે ૫૦%) ડીવીડન્ડની ભલામણ, આગામી એજીએમમાં શેરધારકોની મંજુરી ની અપેક્ષાએ ભલામણ કરેલ છે.

કંપનીએ ૩૧ મી માર્ચ, ૨૦૨૩ ના રોજ પુરાં થતાં નાણાંકિય વર્ષ માટે પ્રતિ શેર દીઠ રૂા. ૫.૦૦ (એટલે કે ૫૦%) ના ડિવિડન્ડની હકદારી નક્કી કરવા માટે શુક્રવાર, ૧લી સપ્ટેમ્બર, ૨૦૨૩ને "રેકોર્ડ તારીખ" તરીકે નિયત કરી છે.

એજીએમ વખતે ડીવીડન્ડ જાહેર કરવામાં આવે તો ડીવીડન્ડ ચુકવણીની રીત :

૨૫મી એજીએમમાં જો શેરધારકો દ્વારા ડીવીડન્ડ મંજૂર કરવામાં આવેતો જે શેરધારકોએ તેમની બેંકની માહિત અપડેટ કરેલ છે તેઓને ઈલેકટ્રોનીક મોડ મારફતે ચુકવાશે. જે શેરધારકોએ તેમની બેંકની માહિતી અપડેટ કરાવેલ નથી. તેઓને તેમના રજીસ્ટર્ડ સરનામે ડીવીડન્ડ વોરંટ/ડીમાડ ડ્રાફ્ટ મોકલાશે.

ડીવીડન્ડ મેળવવામાં મોડું થતું અટકાવવાં માટે અને ચુકવણીની તારીખે જ પોતાનાં બેંક ખાતામાં મેળવવા માટે, ઉપરાનાં ફકરા ૩ માં દર્શાવેલ પ્રક્રિયા અનુસરીને પોતાની બેંકની માહિતી અપડેટ કરવા શેરધારકોને વિનંતી કરવામાં આવે છે.

ડિવિડન્ડની આવક પર કર :

આવકવેરા અધિનિયમ, ૧૯૬૧, ("અધિનિયમ") ની જરૂરિયાત મુજબ કંપનીએ તેના શેરધારકોને ચુકવવામાં આવેલા ડિવિડન્ડ પર નિર્ધારિત દરે કર કપાત કરવાની જરૂરિયાત રહેશે. શેરધારકોને વિનંતી કરવામાં આવે છે કે (ફિજીકલ મોડમાં રાખવામાં આવેલા શેરના કિસ્સામાં) તેઓ કંપનીનાં રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ ('આર એન્ડ ટીએ') KFin Technologies Limited ("KFintech") સાથે અને (ડિમેટ મોડમાં રાખવામાં આવેલા શેર્સનાં કિસ્સામાં) ડિપોઝીટરી સહભાગી સાથે તેમનો PAN અપડેટ કરે.

શેરધારકોની વિવિધ શ્રેણીઓ કે જેઓ આવકવેરા કાયદાની સંબંધિત જોગવાઈઓ હેઠળ તેમના માટે ઉપલબ્ધ ટીડીએસ (TDS) માંથી મુક્તિનો લાભ મેળવવા ઈચ્છતા હોય, તેઓએ જરૂરી દસ્તાવેજો / ડેકલેરેશન્સ અમારાં R&TA "KFintech" નાં અપલોડ સેન્ટર https://ris.kfintech.com/form15 પર અથવા einward.ris@kfintech.com પર ઈમેલ દ્વારા તા.૫મી સપ્ટેમ્બર, ૨૦૨૩ સુધી જમા કરાવવા જરૂરી છે.

શેરધારકોને, કેટેગરી મુજબ લાગુપડતા ટીડીએસની મુક્તિ / લોઅર ટીડીએસ દાવો કરવાનાં જરૂરી દસ્તાવેજો સુપરત કરવાની વિગતો વેબલીંક/ઈ-મેઈલ સાથે, તેમનાં આર એન્ડ ટીએ / ડેપોઝીટરી પાર્ટિસિપન્ટ પાસે નોંધાયેલ ઈ-મેઈલ આઈડી મુજબ એક અલગ ઈ-મેઈલ કોમ્યુનિકેશન દ્વારા તા. ૧૦મી જુલાઈ, ૨૦૨૩ ના રોજ મોકલવામાં આવી છે. ઉપરોક્ત માહિતી ૨૫મી વાર્ષિક સાધારણ સભા યોજવાની નોટિસનાં ભાગરૂપે પણ પ્રદાન કરવામાં આવશે. આ દસ્તાવેજો / ફોર્મ્સ અમારી વેબસાઈટ http://gspcgroup.com/gspl/tds-dividend. પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.

આથી મહેરબાની કરીને નોંધ લેવી કે તા. ૦૫મી સપ્ટેમ્બર, ૨૦૨૩ બાદ મળેલ કે અધુરા કે ક્ષતિવાળા ફોર્મ ધ્યાને લેવાશે નહિં અને કંપની દ્વારા ટેક્ષ ન કાપવા માટે કે ઓછો કાપવા માટે લાયક ગણાશે નહિં.

ઉપરોક્ત માહિતી એમસીએનાં પરિપત્રો અને સેબીનાં પરિપત્રો અનુસાર, કંપનીનાં તમામ સભ્યશ્રીઓની જાણ માટે અને લાભાર્થે મોકલેલ છે.

ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ વતી
સહી
રાજેશ્વરી શર્મા
કંપની સેક્ટરી

તારીખ : ૧૧/૦૮/૨૦૨૩
સ્થળ : ગાંધીનગર

હાર્દિક અભિનંદન

શ્રી કેતનભાઈ પટેલ
ગાંધીનગરનું પ્રથમ લોકપ્રિય અખબાર ગાંધીનગર સમાચારનું સંચાલન સંભાળવા બદર ખૂબ ખૂબ અભિનંદન સહ... હાર્દિક શુભેચ્છાઓ
ભવાની એસ્ટેટ
પ્રફુલભાઈ
સેક્ટર-૧૭, ગાંધીનગર.
મો. ૯૮૯૮૫૬૩૫૮૧

તેરમી વાર્ષિક પુણ્યતિથિએ

શ્રદ્ધાંજલિ

સ્વ. વસુબેન નારણભાઈ ચુડાસમા

સ્વ. તા. ૧૩-૮-૨૦૧૦, જન્મ તા. ૭-૬-૧૯૫૦

આપ ચંદન જેવું જીવન જીવીને શીતળતા સૌને આપી. સૌરભ બની પ્રસરી ગયા. જીવન જીવ્યા ખુમારીથી. સુખ-દુઃખમાં સૌને જીવતા શીખવાડી ગયા. આપની કૌટુંબિક ભાવના અને પરોપકારવૃત્તિની સુવાસ સદા મહેંકતી રહેશે. આપ હંમેશા સૌના હૃદયમાં જીવંત રહેશો.

પ્રભુ આપના દિવ્ય આત્માને ચિરઃ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લિ.

નારણભાઈ બી. ચુડાસમા

જીતેન્દ્ર, રાજેશ, શૈલેષ, સંજય (પુત્રો)

દક્ષાબેન (પુત્રી), જયેશકુમાર (જમાઈ), રૂદ્ર (ભાણો),

માયાબેન, કનુબેન, ઉષાબેન, સ્મૃતિબેન (પુત્રવધુઓ)

નિશા, નિધિ, નૈયત્રી, પ્રિયા, હાર્દિકા, નેહા, આયુશી, પ્રાર્થના (પૌત્રીઓ)

માનુષ, તીર્થ, વૈભવ, યુવરાજ (પોત્રો)

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com